## સંસ્થાન વિષયક માહિતી

મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનની સ્થાપના વર્ષ ૧૯૭૯માં ગુજરાત સરકાર દ્વારા સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ સ્વાયત્ત સંસ્થા તરીકે કરવામાં આવેલ છે. સંસ્થાનનો મુખ્ય ઉદ્દેશ તાલીમ, અભ્યાસક્રમો, પરિસંવાદ, કાર્યશાળા, સંશોધનો, શિબિર વગેરે ધ્વારા રાજયમાં ઔદ્યોગિક શાંતિ જાળવવા અને શ્રમજીવીઓને સામાજિક ન્યાય મળી રહે તે માટે અસરકારક કાર્ય હાથ ધરવાનો છે. જેમાં મુખ્યત્વે મજૂર કાયદાઓના અમલીકરણનું મૂલ્યાંકન કરવું, મજૂર કલ્યાણ માટેના કાર્યક્રમો અઈને પરિયોજનાઓની કામગીરીની આવશ્યકતા પર ભાર મૂકવો તેમજ શ્રમિક વહીવટકર્તાઓ માટે નીતિ અને કાર્યક્રમો ઘડવામાં સહાયભૂત બને છે. પ્રસ્તુત ઉદ્દેશને પૂરો કરવા માટે શ્રમિકોમાં ખાસ કરીને– ખેત શ્રમિકો, બાળ શ્રમિકો, અસંગઠિત ગ્રામીણ અને શહેરી શ્રમિકો, સ્વરોજગારીમાં રોકાયેલા શ્રમિકો, ભૂમિહીન શ્રમિક, સ્થળાંતરિત શ્રમિકો ઉપરાંત ઉદ્યોગો, જાહેર અને સરકારી ક્ષેત્રનાં શ્રમિકોનો સમાવેશ કરવામાં આવે છે. એ સિવાય તાલીમ કાર્યક્રમો અને તેના વિષયવસ્તુને યોગ્ય ઓપ આપવામાં તેમજ શ્રમિકોને લગતું શૈક્ષણિક સાહિત્ય તૈયાર કરવામાં પણ સંસ્થાન હંમેશા કાર્યરત રહે છે. અન્ય શ્રમિક કલ્યાણલક્ષી અભિગમ ધરાવતી સંસ્થાઓ સાથે સંયુકતપણે કાર્યક્રમોનું આયોજન પણ કરે છે.

## કેમ્પસ અને સાધન–સામગ્રી

સંસ્થાનનું પોતાનું વિશાળ મકાન છે. તેની ડિઝાઈન વિશ્વ વિખ્યાત સ્થપતિ શ્રી બી.વી.દોશી દ્વારા તૈયાર કરવામાં આવી છે. સંસ્થાનની ઈમારતની ગણના ખ્યાતિ પ્રાપ્ત શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં થાય છે. સંસ્થાન પાસે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં પરિસંવાદ અને તાલીમ કાર્યક્રમો ગોઠવવા માટે ઉત્તમ પ્રકારની સુવિધાઓ છે. જેની વિગત નીચે આપવામાં આવી છે.

- ૨૦૦ વ્યકિતઓની ક્ષમતા ધરાવતું વાતાનુકૂલિત સભાગૃહ
  ૫૦ અને ૩૫ વ્યકિતઓ સમાઈ શકે તેવા બે વાતાનુકૂલિત પરિસંવાદ ખંડો.
- ૦૯ વર્ગખંડો (વાતાનુકૂલિત)
- કોમ્પ્યૂટર લેબોરેટરી (વાતાનુકૂલિત)
- અદ્યતન કોમ્પ્યૂટર્સ અને પ્રિન્ટર્સ
- વિવિધ વિષયોના પુસ્તકોથી સુસજજ અદ્યતન ગ્રંથાલય
- રહેવાની ઉત્તમ સગવડ ધરાવાતાં ૨૩ હોસ્ટેલ રૂમ (ડબલ બેડ) અને વાતાનુકૂલિત વીઆઈપી રૂમ (ટી.વી., એ.સી., સોફા સાથે)
- અદ્યતન સગવડ ધરાવતી કેન્ટીન

આમ, ઉપર જણાવ્યા અનુસાર જરૂરી સવલતો ઉપરાંત કાર્યક્રમો માટે ઉપયોગી દ્રશ્ય–શ્રાવ્ય ઉપકરણો જેમ કે એન્ટેલ મેગા મોનીટર, ટી.વી., વી.સી.આર., ઓવર હેડ પ્રોજેકટર્સ, સ્લાઈડ પ્રોજેકટર્સ, કોર્ડલેસ માઈકસ, માઈક્રોફોન, ટેપરેકર્ડસ, એલ.સી.ડી. પ્રોજેકટર વિગેરે દ્રશ્ય–શ્રાવ્ય સાધનો સંસ્થાનમાં ઉપલબ્ધ છે.

## ગ્રંથાલય

સંસ્થાનમાં અદ્યતન અને સુસજજ ગ્રંથાલય છે જેમાં ખાસ કરીને શ્રમ અને રોજગાર, મનોવિજ્ઞાન, પોલિટિકલ સાયન્સ, ઔદ્યોગિક સલામતિ, ગ્રામ્ય વિકાસ, અર્થશાસ્ત્ર, શ્રમ બજાર, શ્રમ કાયદાઓ, વેતન, ઔદ્યોગિક સંબંધો, બાળ શ્રમિકો, મહિલા શ્રમિકો, શ્રમિક સંઘો, વર્તન વિજ્ઞાન વગેરે વિવિધ વિષયો પરનાં આશરે ૨૨,૦૦૦ પુસ્તકો છે. ગ્રંથાલય ૧૩૦ ટેકનીકલ સામયિકો અને ૧૨ વૃત્તપત્રો પણ નિયમિત રૂપે લવાજમ ભરી મંગાવે છે. પુસ્તકો ઉપરાંત ૭૬ સેફટી ફિલ્મ, ૩૪ વિડીયો કેસેટસ અને ૧૮૨૨ ઔદ્યોગિક સલામતી અને સંચાલન અંગેની સ્લાઈડસનો પણ સંગ્રહ કરવામાં આવેલ છે. સવારનાં ૧૧ થી સાંજનાં ૭ કલાક સુધી લાયબ્રેરી ખુલ્લી હોય છે, રૂા.૫૦૦/– ભરીને સભ્ય બની શકાય છે.

## શૈક્ષણિક કાર્યક્રમો :

શૈક્ષણિક કાર્યક્રમો મુખ્યત્વે સંશોધન અને તાલીમનાં બનેલા છે. સંસ્થાન શ્રમ સંબંધિત વિષયો ઉપર પરિસંવાદ, ગોષ્ઠિઓ અને વ્યાખ્યાનો યોજે છે.

### (૧) પરિસંવાદ/કાર્યશાળા

સંસ્થાન વિવિધ વિષયો પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની વિવિધ ચર્ચા તથા પરિસંવાદોનું આયોજન કરે છે. તેમજ તેના પરિણામ સ્વરૂપ આવેલ ઉપયાગી ભલામણો અને સૂચનોને સંબંધિત સ્તરે મોકલવાની કાર્યવાહી પણ સંસ્થાન હાથ ધરે છે.

### (૨) સંશોધન

સંસ્થાન, શ્રમ અને રોજગાર સંબંધિત પ્રવર્તમાન ઉભરતા મુદ્દાઓને કેન્દ્ર સ્થાને રાખી કેટલાંક સંશોધનો પણ હાથ ધરે છે. જેમાં મુખ્યત્વે શ્રમિક કાયદાઓ, ઔદ્યોગિક સલામતી, કાર્યસ્થળનું વાતાવરણ, બાળ શ્રમિકો, રોજગારી અને ગરીબી, અસંગઠિત શ્રમિકો, તાલીમ અને પુનર્વસન, કલ્યાણકારી યોજનાઓ, સામાજિક સુરક્ષા, માનવ વિકાસ, સંચાલનમાં ભાગીદારી, સ્થળાંતરિત શ્રમિકો, મહિલા શ્રમિકોને સામાજિક સુરક્ષા, શ્રમ કાયદાઓમાં સુધારો, બાંધકામ શ્રમિકોના પ્રશ્નો અને આવા અન્ય લઘુ તથા બૃહદસ્તરીય મુદ્દાઓને આવરી લેવામાં આવે છે.

## (૩) તાલીમ

સંસ્થાન દ્વારા શ્રમિક સંઘોના કાર્યકર્તાઓ, સંગઠિત/અસંગઠિત શ્રમિકો, ખેડૂત, મહિલાઓ, બાળ શ્રમિકો, વગેરેનાં કલ્યાણ માટે વિવિધ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.

## (૪) શિબિર

સંસ્થાન પોતાની પ્રવૃત્તિના ધ્યેય સાથે સંસ્થાનના સંકુલની બહાર ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતાં અસંગઠિત ગ્રામ્ય અને શહેરી શ્રમિકોમાં આત્મવિશ્વાસ જાગૃત કરવા, નેતૃત્વ શકિત વિકસાવવા અને તેમના હક્કો પ્રત્યે સભાનતા લાવવા ગ્રામ્ય/શહેરી શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

## (૫) ડિપ્લોમા/સર્ટિફીકેટ અભ્યાસક્રમો

ઔદ્યોગિક વિકાસનાં પરિણામે રોજગારની ઉદ્‌ભવતી નવી તકોને ધ્યાને લઈ નીચે મુજબ રોજગારલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છેઃ

1. **POST DIPLOMA IN INDUSTRIAL SAFETY (PDIS)**
   **(ONE YEAR FULL TIME)**
2. **POST DIPLOMA IN INDUSTRIAL ENVIRONMENTAL TECHNOLOGY & MANAGEMENT (PDIETM)**
   **(ONE YEAR FULL TIME)**
3. **POST GRADUATE DIPLOMA IN HUMAN RESOURCE MANAGEMENT (PGDHRM)**
   **(ONE YEAR FULL TIME)**
4. **DIPLOMA IN STRATEGIC HUMAN RESOURCE MANAGEMENT (DSHRM) (ONE YEAR PART TIME)**
5. **MASTER IN SOCIAL WORK(MSW) (ENGLISH MEDIUM)**
6. **DIPLOMA IN LABOUR LAWS AND PRATICE (DLLM)**
   **(ONE YEAR FULL TIME)**

(૬) સંસ્થાનના વડા મહાનિયામકશ્રી હોય છે.સંસ્થાનનાં બંધારણ સેવા પેટા કાયદા, સરકારી ઠરાવો, અધિનિયમો, સંસ્થાનની સામાન્ય સમિતિ અને કારોબારી સમિતિમાં લેવાયેલ નિર્ણયો વિગેરેને મધ્યેનજર રાખી તેઓશ્રી કોઈપણ નીતિ વિષયક બાબતે નિર્ણય લેતા હોય છે.

(૭) સંસ્થાનનાં ઉદ્દેશને બર લાવવા માટે અધિકારીશ્રીઓ અને નિષ્ણાંત પ્રાધ્યાપકશ્રીઓને સંસ્થાનનાં વડા દ્વારા સુપ્રત કરવામાં આવેલ જવાબદારીઓ અધિકાર ક્ષેત્રની મર્યાદામાં રહી કરવામાં આવતી હોય છે. જેના પર સંસ્થાનનાં વડાનું નિયંત્રણ અને દેખરેખ હોય છે.

(૮) સંસ્થાન ૧૦૦ ટકા સરકારશ્રીની ગ્રાન્ટ પર નભતી હોઈ મોટાભાગે સરકારી ધારાધોરણ અપનાવવામાં આવે છે. છતાંય, સંસ્થાનની કામગીરીને વેગવંતી બનાવવા માટે સંસ્થાન દ્વારા બંધારણ, સર્વિસ પેટા–કાયદા, ભરતી નિયમો, કન્સલટન્સી નિયમો, વિકાસ ફંડ, સામાન્ય ફંડ, વેલફેર ફંડ, સત્તા સોંપણી વિગેરે અંગેનાં નિયમો ઘડવામાં આવેલ છે.

(૯) સંસ્થાનની સામાન્ય સમિતિ અને કારોબારી સમિતિમાં હોદ્દેદારો સિવાય બહારની વ્યકિતઓને રજૂઆત માટેની તક આપવામાં આવતી નથી. સંસ્થાનનાં ધ્યેયને બર લાવવા માટે સંસ્થાનની પ્રવૃત્તિઓ અંગેની બેઠકોમાં સભ્યશ્રીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવે છે અને તેઓશ્રીની ભલામણો અને સૂચનો પ્રમાણે સંસ્થાનની પ્રવૃત્તિઓને ઓપ આપવામાં આવે છે.

(૧૦/અ) સંસ્થાનમાં તાલીમ, સંશોધન અને વિવિધ અભ્યાસક્રમો વિષયક માહિતી માટે મદદનીશ પ્રાધ્યાપકશ્રીઓનો સંપર્ક સાધી શકાશે.

**STAFF**

| No. | Name | Designation |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1 | Shri Vipul Mittra, IAS | Director General(I/c) & Additional Chief Secretary, Labour & Empl. Deptt., GOG |
| 2 | Shri D.S. Sharma | Admn. Officer (on deputation) |
| 3 | Smt. Sonal Gavande | Accounts Officer (I/c) (on deputation) |
| 4 | Dr. Misha Vyas | Asst. Professor (Informal Sector) & Course Coordinator (PGDHR, DSHRM, MSW) |
| 5 | Dr.Shailendra Thakur | Asst. Professor (Public Administration) |

| | | |
|---|---|---|
| 6 | Dr.Suman Vaishnav | Asst. Professor<br>(Psychology) & Course Coordinator (PDIS & PDIETM) |
| 7 | Dr.Vanraj Vyas | Asst. Professor<br>(Mathematical Analysis & Research Methodology) |
| 8 | Dr.Ayanendu Sanyal | Asst. Professor<br>(Economics)<br>& Course Coordinator (DLLP) |
| 9 | Dr.Parul(Tina) Doshi | Asst. Professor<br>(Sociology/Anthropology) |
| 10 | Dr.Nisha Sengar | Asst. Professor<br>(Gender Marginalization) |
| 11 | Shri J. L. Patel | PS to DG |
| 12 | Shri J.C.Mhasker | Steno Gr.-II (Eng.) |
| 13 | Shri M.G.Tagde | Assistant |
| 14 | Shri N.A.Malek | Accountant(I/c) |
| 15 | Shri U.D.Pandya | Assistant |
| 16 | Shri Y.B.Chauhan | Assistant |
| 17 | Shri M. G. Trivedi | Clerk-Typist |
| 18 | Smt. R.H.Chauhan | Clerk-Typist On Deputation (DET) |
| 19 | Shri R.S.Parmar | Clerk-Typist |
| 20 | Shri B. H. Prajapati | Attendant |
| 21 | Shri N. D. Solanki | Attendant |
| 22 | Shri M. N. Gurnani | Attendant |
| 23 | Shri R. K. Vaghela | Attendant |
| 24 | Shri K. B. Makwana | Attendant |
| 25 | Shri J. N. Leuva | Attendant |
| 26 | Shri J.M. Rathod | Sweeper |
| 27 | Shri G. L. Thakre | Sweeper |
| 28 | Shri B. G. Vaghela | Sweeper |



| નં. | વિગત | નામ, હોદ્દો અને ફોન નંબર |
|---|---|---|
| **૧૦ (બ) અધિકારી/કર્મચારીની વિગતઃ** | | |
| ૧ | **શ્રી વિપુલ મિત્રા, ભા.વ.સે.**<br>મહાનિયામક(I/c) અને<br>અધિક મુખ્ય સચિવશ્રી,<br>શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર | (O) ૪૦૦૧૩૭૦૨<br>૨૭૯૧૩૩૪૭<br>(F) ૨૭૯૧૨૬૧૭ |
| ૨ | સંસ્થાનનાં વહીવટને સ્પર્શતી તમામ બાબતો અંગે. | **શ્રી ડી.એસ. શર્મા,**<br>વહીવટી અધિકારી<br>(O) ૪૦૦૧૩૭૧૧ |
| ૩ | સંસ્થાનની ગ્રાન્ટ, બજેટ, હિસાબો વિગેરે સંબંધિત માહિતી અંગે. | **શ્રી સોનલ ગવાન્ડે,**<br>હિસાબી અધિકારી(I/c)<br>(O) ૪૦૦૧૩૭૨૩/૭૦૪ |
| ૫ | હોસ્ટેલ અંગેની માહિતી અંગે. | **ડો.મીશા વ્યાસ,** રેકટર<br>(O) ૪૦૦૧૩૭૨૬ |
| ૪ | સંસ્થાન ખાતે કાર્યક્રમ યોજવા માટે સેમીનાર રૂમ, ઓડિટોરીયમનો ઉપયોગ કરવા તથા પ્રકાશનને લગતી કામગીરી અંગે. | વહીવટી અધિકારી<br>(O) ૪૦૦૧૩૭૧૧ |
| **૧૧** | **માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળનાં અધિકારીઓઃ** | |
| ૧ | **એપેલેટ ઓથોરીટી**<br>શ્રી ડી.એસ. શર્મા, વહીવટી અધિકારી | (O) ૪૦૦૧૩૭૧૧,<br>(F) ૨૭૯૧૨૬૧૭ |
| ૨ | **જાહેર માહિતી અધિકારી**<br>શ્રી જે.એલ. પટેલ, પીએસ ટુ ડીજી | (O) ૪૦૦૧૩૭૦૨ /૭૫૪ |
| ૩ | **મદદનીશ જાહેર માહિતી અધિકારી**<br>શ્રી એમ.જી. તાગડે, મદદનીશ | (O) ૪૦૦૧૩૭૦૩/૭૬૫ |

# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

(ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ સ્વાયત્ત સંસ્થાન)

ડ્રાઈવ–ઈન રોડ, મેમનગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨


**ફોન નં. : (૦૭૯) ૪૦૦૧૩ ૭૦૦/ ૭૦૪/ ૭૧૦/ ૭૧૧/ ૭૨૩**
**ફેકસ નં. : (૦૭૯) ૨૭૯૧ ૨૬૧૭**
ઈ–મેઈલ : *infomgli@gmail.com*
વેબ સાઈટ : *www.mgligujarat.gov.in*


**વિનામૂલ્યે**

jlp_RTI_Proactive Discloser, ૨૦૧૭_Book style.doc

# મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન

(ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ સ્વાયત્ત સંસ્થાન)

ડ્રાઈવ–ઈન રોડ, મેમનગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨

## પ્રોએકટીવ ડીસ્કલોઝર
## RTI ACT Clause : 4(1) (KH)


**ફોન નં. : (૦૭૯) ૪૦૦૧૩ ૭૦૦/ ૭૦૪/ ૭૧૦/ ૭૧૧/ ૭૨૩**
**ફેકસ નં. : (૦૭૯) ૨૭૯૧ ૨૬૧૭**
ઈ–મેઈલ : *infomgli@gmail.com*
વેબ સાઈટ : *www.mgligujarat.gov.in*


know the path.

It is straight and narrow.

It is like the edge of a sword.9

I rejoice to walk on it.

I weep when I slip.

God's word is:

"He who strives, never perishes."

I have implicit faith in that promise.

Though, therefore, from my weakness,

I fail a thousand times,

I will not lose faith,

but hope that

I shall see the light.

**-Mahatma Gandhi**